| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૮/૦૧/૨૦૨૫ |
| રજી. તારીખ | ૦૮/૦૧/૨૦૨૫ |
| ફેસલ તારીખ | ૧૩/૦૩/૨૦૨૬ |
| કુલ સમયગાળો | વર્ષ ૦૧, માસ ૦૧,દિવસ ૧૧ |

सत्यमेव जयते

---

**બોટાદના મહે. એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રીની કોર્ટમાં, મુ.બોટાદ.**

---

ફો.કે.નંબરઃ-૭૯/૨૦૨૫
આંક-૨૦

ફરીયાદીઃ- શ્રી સરકાર.

**<u>વિરૂદ્ધ</u>**

આરોપીઓઃ- (૧) સતવીરભાઈ ઉર્ફે સતુભા અમરૂભાઈ ધાધલ,
ઉ.વ.આ. ૨૧, ધંધો - મજુરી,
રહે.નવી સરવૈઈ, તા.જિ.બોટાદ.

(૨) અનીલભાઈ ઉર્ફે ખાટી ભુપતભાઈ કાલીયા,
ઉ.વ.આ. ૨૪, ધંધો - મજુરી,
રહે.રાજપરા, તા.જિ.બોટાદ.

(૩) નયનભાઈ ઉર્ફે ભીમો અમૃતભાઈ રંગપરા,
ઉ.વ.આ. ૨૪, ધંધો - મજુરી,
રહે.રાજપરા, તા.જિ.બોટાદ.

---

**ગુન્હોઃ- જુગારધારા કલમ- ૧૨ મુજબ.**

---

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ડૉ.પી.એન.કાંગ્રીચા.
આરોપીઓપક્ષે વિ.વકીલશ્રી આર.ડી.ગીડા

---

**<u>- ચુ કા દો -</u>**

**(૧)** આ કેસની મુખ્ય હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ જાહેરમાં ગંજીપતાના પાના તથા પૈસા વડે હારજીતનો તીન પતીનો જુગાર

રમતા ગંજીપતાના પાના નંગ પર તથા રોકડ રકમ રૂ.૧૦૫૦/–ના મુદ્દામાલ સાથે પકડાઇ જઇ તથા આરોપી નં.૩ નાએ નાસી જઇ, આરોપીઓએ જુગારધારા કલમ–૧૨ મુજબનો ગુનો કરેલ હોવાની ફરિયાદ બોટાદ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર–૧૧૧૯૦૦૦૨૨૪૦૬૩૧/૨૦૨૪ થી જાહેર થયેલ છે અને આ કામે તપાસ કરનાર અધિકારીએ આંક–૧ મુજબનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

**૨)** ચાર્જશીટનું સંજ્ઞાન લઈ આ કામના આરોપીઓ નામદાર કોર્ટમાં હાજર થતા તેઓને પોલીસ તપાસના તમામ પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ આંક –૦૫ થી આંક–૦૭ હેઠળ આરોપીઓની પ્લી લેવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ ગુના નાકબુલ કરતાં ફરીયાદ પક્ષનો પુરાવો શરૂ કરવામાં આવેલ છે.

**૩)** મૌખિક તથા દસ્તાવેજી પુરાવોઃ–

**<u>મૌખિક પુરાવો</u>**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧. | ૯ | ફરિયાદી લાલજીભાઇ મનુભાઇ રાઠોડની જુબાની |
| ૨. | ૧૧ | પંચ સાહેદ અબ્દુલભાઇ કાદરભાઇ ખંભાતીની જુબાની |
| ૩. | ૧૫ | ત.ક.અ. અજયકુમાર રમેશભાઇ રાઠોડની જુબાની |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૦ | ફરીયાદની ખરીનકલ. |
| ૨. | ૧૨ | પંચનામાની ખરી નકલ. |

**૪)** ઉપરોક્ત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા બાદ એ.પી.પી.શ્રી તરફથી મૌખિક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ત્યારબાદ આ કામે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા પુરતો પુરાવો જણાતાં આરોપીઓનું સંહિતાની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. ત્યારબાદ સંહિતાની કલમ–૩૧૪ મુજબ ફરીયાદપક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી

તથા બચાવપક્ષે તેમના વિ.વ.શ્રી ની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

**૫)** ઉપરોક્ત હકીકતો સંદર્ભે આ કામના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**૧.** શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ જાહેરમાં ગંજીપતાના પાના તથા પૈસા વડે હારજીતનો તીન પતીનો જુગાર રમતા ગંજીપતાના પાના નંગ પર તથા રોકડ રકમ રૂ.૧૦૫૦/–ના મુદ્દામાલ સાથે પકડાઇ જઇ, જુગારધારા કલમ–૧૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

**૨.** શું હુકમ?

**૬)** ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ નકારાત્મક.

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

**<u>::નિર્ણય માટેના કારણો::</u>**

**૭) મુદ્દા નં.૧ અને ૨**

૮) ફરીયાદપક્ષે આ કામે આંક – ૧૨ થી રજુ પંચનામાના પંચસાહેદ પૈકી આંક–૧૧ થી પંચસાહેદ અબ્દુલભાઇ કાદરભાઇ ખંભાતીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર પંચસાહેદે પોતાની જુબાનીમાં તેઓએ તૈયાર પંચનામાં સહી કરેલ હોવાનું તથા તે સીવાય બીજું કંઇ જાણતા ન હોવાનું જણાવેલ છે. આમ, તેઓની જુબાનીથી આંક–૧૨ ના પંચનામાની હકિકત નિશંકપણે સાબિત થતી નથી.

૯) ફરીયાદપક્ષે આ કામે આંક – ૦૯ થી ફરિયાદી લાલજીભાઇ મનુભાઇ રાઠોડને સોગંદ ઉપર તપાસતાં તેઓ તેમના પુરાવામાં એવી હકીકત જણાવે છે કે, ગઈ તારીખ ૦૨/૦૭/૨૦૨૧ ના રોજ તેઓ પોલીસ સ્ટાફ સાથે બોટાદ વિલેજ બીટ વિસ્તારમાં કલાક ૧૬:૩૦ વાગ્યાથી ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન કલાક ૧૬:૪૫ વાગ્યે જોટીંગડા બસ

સ્ટેન્ડ પાસે આવતા તેઓને બાતમી હકિકત મળેલ કે રાજપરા ગ્રામપંચાયત ઓફીસની પાસે જાહેરમાં કેટલાક ઇસમો ખુલ્લી જગ્યામાં પૈસા–પાનાથી તીન પત્તીનો હારજીતનો જુગાર રમી રમાડે છે જે બાતમી આધારે હકિકતની સાથેના સાહેબશ્રીને જાણ કરતા બે રાહદારી પંચોને બોલાવી હકિકતની સમજ કરી સદર બાતમી વાળી જગ્યાએ રેઇડ કરતા ત્રણ ઇસમો તીનપત્તીનો પાના વડે હાર જીતનો જુગાર રમતા જોવામાં આવતા આ ત્રણ ઇસમોને પકડવા જતા પોલીસને જોઇને ભાગવા લાગેલ જે ઇસમો બાવળની કોઇટમાં નાસવા લાગેલ જે ઇસમો પાછળ દોડીને પકડવા જતા બે આરોપીઓને પકડી પાડેલ અને એક આરોપી બાવળની કાંઇટનો લાભ લઇને નાસી ગયેલ અને જે પકડાયેલ બે ઇસમોની અંગઝડતી તથા નામ સરનામા પુછતા પાસેથી નતેઓની પાસેથી પાના તથા પૈસા તથા જુગાર સાહિત્ય મળી આવેલ જેમાં ઇસમ નં.૧ સતવીરભાઇ ઉર્ફે સતુ પાસેથી રોકડ રૂ.૮૬૦ તથા ગંજીપતાના પાના નંગ ૩ તપાસ અર્થે કબજે કરેલ તથા ઇસમ નં.૨ અનીલભાઇ ઉર્ફે ખાટી પાસેથી રોકડ રકમ રૂ.૧૫૦ તથા ગંજીપતાના પાના નંગ ૩ તપાસ અર્થે કબજે કરેલ તથા ઉપરોક્ત ઇસમો જે જગ્યાએ રમતા તે પટવાળી જગ્યામાંથી રોકડ રકમ રૂ.૪૦ તથા ગંજીપતાના પાના નંગ ૪૬ તપાસ અર્થે કબજે કરેલ. આમ તમામ પાના તથા પૈસા પંચનામાની વિગતે સાથેના સાહેબે તપાસ અર્થે કબજે કરેલ અને તમામને ધોરણસર અટક કરેલ અને પકડાયેલ ઇસમોને નાસી જનાર ઇસમનું નામઠામ પુછતા તેનું નામ નયનભાઇ ઉર્ફે ભીમ રંગપરા રહે.રાજપરા હોવાનું જણાવેલ. આ બાબતે તેઓએ ફરિયાદ કરેલ. જેમાં તેઓની સહી ઓળખી બતાવે છે જે રજૂ દાખલ આંક–૧૦ આપવામાં આવે છે. આરોપીઓને જોઇએથી ઓળખે છે.

ત્યારબાદ સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, તેઓ પેટ્રોલીંગમાં ગયેલ ખાનગી વાહનનો નંબર તેઓની ફરિયાદમાં લખેલ નથી તથા ખાનગી વાહનના માલિકી તથા ડ્રાઇવરનું નામ જણાવેલ નથી. ખાનગી વાહન ભાડે રાખવા માટે ઉપરી અધિકારીની મંજરી મેળવેલ નથી. રેઇડવાળી જગ્યા અંગે સ્થળ પર કોઇ ખરાઇ કરેલ નથી. ગંજીપતા બજારમાંતી સહેલાઇથી મળી શકે છે. સામાન્ય માણસોના ખીસ્સામાં ૫૦૦ તથા ૧૦૦૦ રૂપિયા હોય છે. તેઓએ તેમની

ફરિયાદમાં આરોપીઓ નસીબ આધારીત જુગાર રમતા હોય તેવી હકિકત જણાવેલ નથી. પંચોને ચોક્કસ કોઇ બોલાવવા ગયેલ તે તેમની ફરિયાદમાં જણાવેલ નથી.

**૧૦)** ફરીયાદપક્ષે આ કામે આંક – ૧૫ થી તપાસ કરનાર અમલદાર અજયકુમાર રમેશભાઈ રાઠોડને સોગદ ઉપર તપાસતાં તેઓ તેમના પુરાવામાં એવી હકીકત જણાવે છે કે, ગઈ તારીખ ૧૦/૦૬/૨૦૨૪ ના રોજ તેઓ બોટાદ ટાઉન પોલીસ સ્ટેશન ખાતે ફરજ પર હાજર હતા તે દરમિયાન બોટાદ ગુના રજીસ્ટર નંબર ૬૩૧/૨૪ ની તપાસ તેઓને મળતા તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નીવેદન લીધેલ. તપાસના અંતે પુરતો પુરાવો હોય આરોપીઓ વિરૂદ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીઓને તેઓએ અટક કરેલ ન હોય ઓળખી શકે નહીં.

ત્યારબાદ સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, આ કામની સંપુર્ણ તપાસ તેઓએ કરેલી છે. ફરિયાદી રેઇડમાં ગયેલ હો તે વખતની સ્ટેશન ડાયરીની નોંધ મેળવી તપાસના કામે રજૂ કરેલ નથી અને લોગ બુકનો ઉતારો પણ રજૂ કરેલ નથી. રેઈડ સમયે ક્યાં સરકારી વાહનનો ઉપયોગ થયેલો તેના નંબર કોઈપણ સાહેદના નીવેદનમાં જણાવેલ નથી. રેઇડવાળી જગ્યા જાહેર જગ્યા છે અને ત્યાં લોકોની અવરજવર રહે છે. આ કામે પોલીસ કર્મી સીવાય કોઈ સ્વતંત્ર નીવેદનો લીધેલ નથી. રેઇડવાળી જગ્યા આરોપીની માલિકીની હોવા અંગેના કોઈ આધાર પુરાવા મળી આવેલ નથી.

**૧૧) આમ, રેકર્ડ ઉપરના મૌખિત તેમજ દસ્તાવેજી પુરાવાઓનું અવલોકન અને મુલ્યાંકન કરતાં,** હાલના આરોપીઓ જાહેરમાં હારજીતનો જુગાર રમતા મળી આવેલ તેવો કોઈ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા સ્વતંત્ર સાહેદના પુરાવાથી લાવી શકેલ નથી. જેથી માત્ર ફરિયાદીના પુરાવા ઉપર આધાર રાખી આરોપી વિરુદ્ધ અનુમાન કરી શકાય નહિ. વધુમાં ફરિયાદી રસ ધરાવનાર વ્યક્તિ છે જેથી આ ફરિયાદીની જુબાનીને ત્યારે માની શકાય જયારે તેઓની જુબાનીને સ્વતંત્ર અને નિષ્પક્ષ સાહેદોના પુરાવાથી સંપૂર્ણ સમર્થન

મળતું હોય. વધુમાં આ કામે સ્વતંત્ર પંચોનો પુરાવો ખૂબ જ જરૂરી અને મહત્ત્વનો બની જાય છે. પરંતુ આ કામે પંચ સાહેદ પણ હોસ્ટાઇલ જાહેર થયેલ છે અને પંચનામામાં માત્ર તેઓ તેમની સહી ઓળખી બતાવ્યા સીવાય અન્ય કોઇ હકિકત જણાવતા નથી. **વધુમાં ફરિયાદીએ તથા તપાસ કરનાર અમલદારે પોતાની ઊલટતપાસમાં એ કબૂલ રાખેલ છે કે,** બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે જ્યાં ઘણા બધા માણસોની અવર જવર રહે છે. આ કામે તેઓએ કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. આમ, સરળતાથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં આ કામે આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી અને તે નિવેદનો શાં માટે લેવામાં આવેલ નથી. તે અંગે કોઈ સ્પષ્ટતા પણ કરેલ નથી. વધુમાં ફરિયાદપક્ષે આ કામે સ્વતંત્ર અને તટસ્થ કહી શકાય તેવા પંચનામાના પંચ સાહેદે પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. તેથી આ કામે પંચનામું પુરવાર થતું નથી. આમ, ઉપરોક્ત હકીકતો ધ્યાને લેતાં, આ કામે ફરિયાદીનો પુરાવો વિશ્વસનીય જણાતો નથી. તે સંજોગોમાં ફરિયાદપક્ષના કેસને સાંયોગિક પુરાવાથી પણ સમર્થન મળેલ નથી. આમ, આ કામે ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ નિઃશંકપણે સાબિત કરી શકેલ ન હોય, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારાત્મકમાં આપવામાં આવે છે. અને મુદ્દા નં.૨ પરત્વેનો આખરી હુકમ નીચે જણાવ્યા મુજબનો ફરમાવવામાં આવે છે.

## // હુ કમ //

**૧)** આ કામના આરોપી નં. (૧) સતવીરભાઇ ઉર્ફે સતુભા અમરૂભાઇ ધાધલ, (૨) અનીલભાઇ ઉર્ફે ખાટી ભુપતભાઇ કાલીયા તથા (૩) નયનભાઇ ઉર્ફે ભીમો અમૃતભાઇ રંગપરાનાઓને ક્રિમિનલ પ્રોસિઝર કોડની કલમ-૨૫૫(૧) અન્વયે તેઓની સામેના જુગાર ધારા કલમ-૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨)** આ કામે રોકડ રકમ સરકાર ખાલસા કરવી તથા બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય પુરો થયા બાદ નિયમોનુસાર નિકાલ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**૩)** આરોપીઓએ અગાઉ આપેલ જામીન ક્રિમિનલ પ્રોસિઝર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે ઉપલી અદાલતોમાં હાજર રહેવા માટે છ માસ સુધી ચાલુ રાખવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખઃ–૧૩મી, માહેઃ–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળઃ–બોટાદ
તારીખઃ–૧૩/૦૩/૨૦૨૬

**(એન. એચ. શેખ)**
એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
તા. જી. બોટાદ.
(જી.જે. ૦૦૮૬૩)